પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૪૨ | ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૨, ગુરૂવાર; મહા વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મહારાષ્ટ્રના મંત્રી નવાબ મલિકની ધરપકડ

## ઈડી દ્વારા ૮ કલાક પુછપરછ : કથિત અંડરવર્લ્ડ કનેક્શન મામલે મહારાષ્ટ્રના મંત્રી ફસાયા : નવાબ મલિકે મુંબઈના કુર્લા વિસ્તારમાં એક જમીનને સાવ પાણીના ભાવે વર્ષો પહેલા ખરીદી હતી



મુંબઈ , તા.૨૩

મહારાષ્ટ્રના કેબિનેટ મિનિસ્ટર તેમજ એનસીપીના નેતા નવાબ મલિકની ઈડી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. મલિકના કથિત અંડરવર્લ્ડ કનેક્શન અંગે તેમની આઠ કલાક પૂછપરછ કરવામાં આવી હતી. નવાબ મલિકે મુંબઈના કુર્લા વિસ્તારમાં એક જમીનને સાવ પાણીના ભાવે વર્ષો પહેલા ખરીદી હતી. આ જ મામલે ઈડી દ્વારા તેમની પૂછપરછ કર્યા બાદ ધરપકડ કરાઈ હતી. મલિક પર આરોપ છે કે તેમણે આ જમીન અંડરવર્લ્ડના લોકો પાસેથી ખરીદી હતી. થોડા મહિનાઓ પહેલા મહારાષ્ટ્રના પૂર્વ સીએમ દેવેન્દ્ર ફડણવીસે મલિક પર આરોપ લગાવ્યો હતો કે મલિકના પરિવારે આ જમીનની કિંમત સાડા ત્રણ કરોડ રુપિયા જણાવી હતી જેથી સ્ટેમ્પ ડ્યૂટી ઓછી ભરવી પડે. જ્યારે તેનું પેમેન્ટ કરાયું ત્યારે તેની કિંમત ૨૫ રુપિયા પ્રતિ ચોરસ ફુટ ગણાવાઈ હતી પરંતુ પેમેન્ટ ૧૫ રુપિયાના હિસાબે કરાયું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર દાઉદ ઈબ્રાહિમના મની લોન્ડ્રિંગના કેસમાં નવાબ મલિકની

● અનુસંધાન પાન-૭ પર

# યુક્રેનથી ૨૪૨ ભારતીયોને લઈને સ્વદેશ પહોંચ્યું વિમાન

## ફ્લાઈટે મંગળવારે યુક્રેન માટે ઉડાન ભરી હતી : અમેરિકા સહિત પશ્ચિમ દેશોના અનુમાન મુજબ રશિયાની સેના યુક્રેન પર આક્રમણ શરૂ કરી શકે છે

નવી દિલ્હી,તા.૨૩

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધના ભણાકારાં વચ્ચે યુક્રેનમાં ફસાયેલા ભારતીયો પૈકી ૨૪૨ નાગરિકોને લઈને એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭ રાજધાની દિલ્હીના આંતરરાષ્ટ્રી એરપોર્ટ પર રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ લેન્ડ થયુ હતું. કેન્દ્ર સરકારે યુદ્ધના ભય વચ્ચે યુક્રેનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને ભારત પાછા લાવવા માટે અભિયાન શરૂ કર્યું છે. આ માટે ટાટા ગ્રુપની એરલાઈન એર ઈન્ડિયાએ આગળ આવીને ૧૯ ફેબ્રુઆરીએ જાહેરાત કરી હતી કે, ૨૨, ૨૪ અને ૨૬ ફેબ્રુઆરીએ એરલાઈન યુક્રેનથી ભારતીય નાગરિકોને સ્વદેશ પાછા લાવવા માટે ફ્લાઈટનું સંચાલન કરશે. જે પૈકી આજે ૨૨મી ફેબ્રુઆરીએ સવારે સાડા સાત વાગ્યે એર ઈન્ડિયાના બોઈંગ ૭૮૭એ દિલ્હી એરપોર્ટ પરથી યુક્રેન માટે ઉડાન ભરી હતી. ઉલ્લેખનીય છે કે, રશિયા અને યુક્રેન વચ્ચે સ્થિતિ અતિ ગંભીર બની ચૂકી છે અને અમેરિકા સહિત પશ્ચિમ દેશોના અનુમાન મુજબ રશિયાની સેના યુક્રેન પર આક્રમણ શરૂ કરી શકે છે. એવામાં યુક્રેનમાં રહેતા ભારતીય



નાગરિકો સહિત અન્ય વિદેશી નાગરિકોની સુરક્ષા પણ જોખમમાં મુકાઈ છે. જોકે આ મુદ્દે કીવમાં સ્થિત ઈન્ડિયન એમ્બેસીએ મંગળવારે પણ એડવાયઝરી જાહેર કરતાં ભારતીયોને સંપર્કમાં રહેવા અને અસ્થાયી સમય માટે યુક્રેન છોડી દેવાની સલાહ

● અનુસંધાન પાન-૭ પર

# ક્રિપ્ટોકરન્સીની જાહેરાતો પર અંકુશનો નિર્ણય

## ભારતમાં ક્રિપ્ટોકરન્સીનો વધતો ક્રેઝ : સંબંધિત જાહેરાતોમાં કરન્સી, સિક્યોરિટીઝ, કસ્ટોડિયન અને ડિપોઝિટરીઝ શબ્દોનો ઉપયોગ કરી શકાશે નહીં

નવી દિલ્હી, તા.૨૩

ભારત સહિત વિશ્વના ટોચના દેશોમાં હજી પણ સંપૂર્ણ માન્યતા પ્રાપ્ત ન કરેલ ક્રિપ્ટોકરન્સીનો ભારતમાં ક્રેઝ દિવસે ને દિવસે વધી રહ્યો છે. સરકારે ટેક્સની જાહેરાત કરતા લોકોમાં ક્રિપ્ટોને માન્યતા મળી ગઈ હોવાનો પરોક્ષ સંકેત માનીને ક્રિપ્ટોએક્સચેન્જ ચલાવતી કંપનીઓ મસમોટી એડવર્ટાઈઝમેન્ટો કરીને સામાન્ય જનતાને છેતરી રહી છે. ક્રિપ્ટોની એડમાં મોટા સ્ટાર્સ દ્વારા જાહેરાત, લોભામણી લાલચો, આભાસી વળતર સહિતના પ્રલોભનો આપીને ક્રિપ્ટોએક્સચેન્જો મોટા પ્રમાણમાં ગ્રાહક વર્ગ અને રોકાણ ખેંચી રહ્યાં છે પરંતુ બજેટમાં ટેક્સની જાહેરાત બાદ સરકાર પણ એક બાદ એક ક્રિપ્ટોબજાર પર નિયંત્રણ લાદવા કડક પગલાં લઈ રહી છે. ટેક્સ વસૂલાત અને માન્યતા વચ્ચેના તફાવતની નાણામંત્રીની દ્વારા સ્પષ્ટતા અને આરબીઆઈ ગવર્નરની પણ ક્રિપ્ટોબજારમાં રોકાણની એટલેકે લાખના બાર હજાર થવાની ભીતિ દર્શાવતી ચેતવણી બાદ હવે ક્રિપ્ટોકરન્સીનો વ્યાપ અટકાવવા માટે એડવર્ટાઈઝમેન્ટ પર અંકુશ લાદવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ક્રિપ્ટોકરન્સીની જાહેરાતમાં લોભામણી લાલચ આપતા શબ્દો તાકીદે દૂર કરવા અને એક જરૂરી ચેતવણી આપવા એડવર્ટાઈઝિંગ સ્ટાન્ડર્સ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એએસસીઆઈ) એ બ્રોડકાસ્ટરોએ અને પ્રિન્ટ માધ્યમોને કહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# તમામ રાજ્યની બોર્ડની પરીક્ષાઓ ઓફ લાઈન જ યોજાશે : સુપ્રીમ

## સુપ્રીમ કોર્ટમાં પિટિશન દાખલ થઈ રહી તેમાં સેન્ટ્રલ અને સ્ટેટ બોર્ડની તમામ ઓફલાઈન બોર્ડ પરીક્ષા રદ કરવાની માગણી કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૨૩

ધોરણ ૧૦ અને ૧૨ની ઓફલાઈન પરીક્ષાઓ રદ કરવાની માંગણી કરતી પિટિશન સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. બુધવારે કોર્ટે આ મામલામાં મહત્વની ટિપ્પણી કરતા કહ્યુ હતુ કે, આ પ્રકારની પિટિશન વિદ્યાર્થીઓને ખોટુ આશ્વાસન આપતી હોય છે.સુપ્રીમ કોર્ટે જે પ્રકારનુ વલણ અપનાવ્યુ છે તે જોતા આ વખતે તમામ બોર્ડ પરીક્ષાઓ ઓફલાઈન થશે તે નક્કી થઈ ગયુ છે.જોકે આ સંદર્ભમાં અંતિમ નિર્ણય જે તે રાજ્યના બોર્ડે કરવાનો છે. સુપ્રીમ કોર્ટમાં જે પિટિશન દાખલ થઈ રહી તેમાં સેન્ટ્રલ અને્ સ્ટેટ બોર્ડની તમામ ઓફલાઈન બોર્ડ પરીક્ષા રદ કરવાની માંગણી કરવામાં આવી હતી.જેના પર ત્રણ જજોની બેન્ચે સુનાવણી કરી હતી.અરજમાં કહેવાયુ હતુ કે, સેન્ટ્રલ બોર્ડ દ્વારા તો પહેલી ટર્મની પરીક્ષાના પરિણામની તારીખ પણ જાહેર કરાઈ નથી.જેના પર કોર્ટે ટકોર કરી રહી હતી કે, કાર્યવાહી ચાલુ છે અને મુલ્યાંકન પુરુ થવા દો.તમે વગર સુનાવણીએ જજમેન્ટ આપી દેવા જેવી વાત કરી રહ્યા છો. કોર્ટે પિટિશન કરનારને દંડ ફટકારવાની પણ ચેતવણી આપી હતી અને કહ્યુ હતુ કે, હાલમાં એવી કોઈ સ્થિતિ નથી કે ઓફલાઈન પરીક્ષા રદ કરવી પડે.

રાજ્ય સરકાર હેઠળના બોર્ડ, સીબીએસઈ અને આઈસીએસઈની ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ઓનલાઈન યોજવા માટે સુપ્રિમ કોર્ટમાં કરવામાં આવેલ અરજી નામંજૂર કરવામાં આવ્યો છે. બુધવારે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ અરજીને સુપ્રિમે ફગાવી છે.




નિર્ણાયક મતદાન - ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં ૪થા તબક્કાનું મતદાન શાંતિપૂર્ણ સંપન્ન થયું હતું. લખનૌ સહિત ચાર ઝોનમાં વહેંચાયેલ જિલ્લાઓની ૫૯ બેઠકો પર સાંજે પાંચ વાગ્યા સુધી ૫૭.૭૪ ટકા મતદાન નોંધાયું હતું... સવારે ૯ વાગ્યા બાદ મતદારોમાં મતદાનન ઉત્સાહ વધુ વર્તાયો હતો... હવે ૨૭મીએ પાંચમાં તબક્કાનું મતદાન યોજાશે...

# બ્રિટને રશિયાની પાંચ બેંકો પર પ્રતિબંધ લગાવ્યો

## રશિયાએ યુક્રેનના વિસ્તારોને અલગ દેશ જાહેર કરતા આક્રોશ : રશિયાના ત્રણ ધનવાનોની સંપતિ ફ્રિજ કરવાની જાહેરાત જર્મનીએ ઝટકો આપ્યો, બે ગેસ પાઈપલાઈન અટકાવી

લંડન, તા.૨૩

રશિયા દ્વારા યુક્રેનની સંપ્રભુ સીમાના વિસ્તારોને અલગ દેશ જાહેર કરવાથી નારાજ બ્રિટનએ ચેતવણી આપી હતી કે તે રશિયા પર સખત પ્રતિબંધ લગાવશે. હવે યુક્રેનના દોનેત્સકમાં રશિયાની સેના નજરે પડ્યા બાદ બ્રિટને મોડુ ન કરતા રશિયાની પાંચ બેંકો પર પ્રતિબંધ લગાવી દીધા છે. જે બેંકો પર પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે. જેમાં રોસિયા બેંક, આઈએસ બેંક, જનરલ બેંક, પ્રોમસ્વાજ બેંક અને બ્લેક સી બેંકનો સમાવેશ થાય છે. એટલું જ નહીં આ સિવાય રશિયાના ત્રણ ધનવાનોની સંપતિ પણ ફ્રિજ કરવાની જાહેરાત કરી છે. પૂર્વ યુક્રેનમાં બે અલગ અલગ વિસ્તાર દોન્સ્તસક અને લુહાંસ્કને અલગ દેશ તરીકે માન્યતા આપવાના રશિયાના રાષ્ટ્રપતિના નિર્ણયને ધ્યાનમાં રાખીને બ્રિટને મોસ્કો પર પ્રતિબંધ લગાવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# પંજાબની યુવતીએ UPSCની પરીક્ષામાં બીજો ક્રમ મેળવ્યો



ગુરૂદાસપુર, તા.૨૩

યુપીએસસી સિવિલ સર્વિસ એક્ઝામની વિદ્યાર્થીઓ અનેક વર્ષો સુધી તૈયારી કરતા હોય છે અને આ માટે કોચિંગ ક્લાસ પણ જોઈન કરે છે. પરંતુ પંજાબના ગુરુદાસપુરની રૂકમણિ રિયારે કોઈ પણ કોચિંગ વગર યુપીએસસી પરીક્ષાની તૈયારી કરી અને પહેલા જ પ્રયત્નમાં ઓલ ઈન્ડિયામાં બીજો ક્રમ મેળવી આઈએએસ ઓફિસર બનવાનું સપનું પૂરું કર્યું. રૂકમણિ રિયાર શરૂઆતથી અભ્યાસમાં બહુ ખાસ નહતા. તેઓ જ્યારે છઠ્ઠા ધોરણમાં ભણતા હતા ત્યારે નાપાસ થયા હતા. નાપાસ થયા બાદ પરિવારના લોકો અને શિક્ષકો પાસે જવાની હિંમત જ ન થઈ અને એમ વિચારીને શરમ આવતી હતી કે બાકી લોકો તેમના વિશે શું વિચારશે. નાપાસ થયા બાદ રૂકમણિ ટેન્શનમાં રહેવા લાગ્યા હતા અને ડિપ્રેશનનો ભોગ બન્યા. અનેક મહિનાઓ સુધી ટેન્શનમાં રહ્યા બાદ તેણે પોતાને તેમાંથી બહાર કાઢી અને પોતાના ડરને પ્રેરણા બનાવી લીધો.

# દેશમાં ઈન્ડિયન ઓઈલે ૧૦૦૦ ચાર્જિંગ સ્ટેશન તૈયાર કર્યા

મુંબઈ, તા.૨૩

ભારતની અગ્રણી એનર્જી પ્રોવાઈડર કંપની ઈન્ડિયન ઓઈલે દેશભરમાં ૧,૦૦૦ ઈલેક્ટ્રિક વ્હીકલ ચાર્જિંગ સ્ટેશનો (ઈવીસીએસ) સ્થાપવાના સીમાચિહ્નને પાર કરીને ઈલેક્ટ્રિક વાહનો માટેના માળખામાં વધારો કર્યો છે.

આ નેટવર્ક, ભારતની ગ્રીન મોબિલિટી તરફ આગેકૂચની સફરમાં ઈલેક્ટ્રિક વેહિકલના યુઝર્સને અસ્ખલિત ચાર્જિંગની સુવિધાનો અનુભવ ઉપલબ્ધ બનાવે છે.




# દેશમાં કોરોનાના ૧૫,૧૦૨ નવા કેસ

નવી દિલ્હી,તા.૨૩

ભારતમાં કોરોનાની ત્રીજી લહેર ધીમે ધીમે ખતમ થઈ રહી છે. દૈનિક કેસમાં નોધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે. સતત ચોથા દિવસે કોરોનાના ૨૦ હજારથી ઓછા નવા કેસ નોંધાયા છે.ગઈકાલની તુલનામાં આજે કોરોના કેસમાં વધારો થયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫,૧૦૨ નવા કેસ નોંધાયા છે અને ૨૭૮ સંક્રમિતોના મોત થયા છે, જ્યારે ૩૧,૩૭૭ લોકો સાજા થયા છે. એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧,૬૪,૫૨૨ થઈ છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૧.૨૮ ટકા છે. ગઈકાલે દેશમાં ૧૩,૪૦૫ નવા કેસ ને ૨૩૫ લોકોના મોત થયા હતા.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

બેસણું

જીવન એવુ જીવી ગયા કે સૌના હૃદયમાં વસી ગયા,
આપનો નિખાલશ સ્વભાવ સદાય અમારા માટે માર્ગદર્શક બની રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચીર શાંતિ આપે...



સ્વ.અમૃતલાલ કાળીદાસ પટેલ
(પૂર્વ મંત્રી શ્રી ગુજરાત રાજ્ય)
આચાર્ય શ્રી અમરપુરી મહારાજ બ્રહ્મપુરી આશ્રમ, રામપુરા

અમારા પિતાશ્રી સ્વ.અમૃતલાલ કાળીદાસ પટેલ (ઉકાવાળા) તા.૨૨-૨-૨૦૨૨ ને મંગળવારે બ્રહ્મલીન થયા છે.

સદ્‌ગતનું બેસણું તા.૨૫-૨-૨૦૨૨, શુક્રવારના રોજ સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ કલાકે રાખેલ છે.
॥ સ્થળ ॥
લક્ષ્મીપુરા સમૂહ લગ્નની વાડી, લક્ષ્મીપુરા, પાલનપુર

લિ.
પટેલ મહેશકુમાર અમૃતલાલ
(ધારાસભ્યશ્રી, પાલનપુર)
Mo. 9426066496
પટેલ અશોકભાઈ અમૃતલાલ
Mo. 94265 05699
તથા સમસ્ત ઉકાવાળા પરીવાર

નોંધ : કોરોના મહામારીના કારણે માસ્ક પહેરવુ અને સરકારની ગાઈડલાઈના નિયમોનું પાલન કરવું